
# દક્ષિણ સિવાયના વિસ્તારમાં મોદી લહેર

**આરએસએસ દ્વારા કરાવવામાં આવેલા સર્વેમાં તારણ જારી કરાયા : રામ મંદિર કરતા વિકાસ મોટો મુદ્દો હોવાની કબૂલાત : ઉત્તર ભારતમાં નમો નમો : દક્ષિણમાં મોદી કરતા રાહુલ લોકપ્રિય : પૂર્વીય ક્ષેત્રમાં ઘણા સમીકરણો**







નવી દિલ્હી,તા. ૩૦ દેશના મોટા ભાગના વિસ્તારોમાં ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી તરફી લહેર હોવા છતાં દક્ષિણ ભારતમાં ભાજપની સ્થિતીમાં હજુ પણ ઉલ્લેખનીય સુધારો થઈ રહ્યો નથી. અહીં નરેન્દ્ર મોદીની સરખામણીમાં કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી વધારે લોકપ્રિય થયેલા છે. દક્ષિણ ભારતમાં રાહુલ ગાંધી મોદી કરતા આગળ દેખાઈ રહ્યા છે. જે કોંગ્રેસ માટે સારા સમાચાર છે. ઉત્તર ભારતમાં નમો નમોની લહેર છે. ઉત્તર ભારતમાં ઉત્તરપ્રદેશ અને બિહાર જેવા રાજ્યનો સમાવેશ થાય છે. આ બન્ને રાજ્યોને કેન્દ્રમાં સરકાર બનાવવા માટે ચાવીરૂપ ગણવામાં આવે છે. લોકસભા ચૂંટણી ૨૦૧૪ને ધ્યાનમાં લઈને આરએસએસ થવા તો સંઘના મુખપત્રો ઓર્ગેનાઈઝર અને પાંચજન્ય તરફથી કરવામાં આવેલા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે ઉત્તર, પૂર્વ, પશ્ચિમ, અને મધ્ય ભારતમાં મોદી વડાપ્રધાનપદ માટે સૌથી લોકપ્રિય ઉમેદવાર છે. બીજી બાજુ દક્ષિણ ભારતમાં રાહુલ ગાંધી મોદી કરતા આગળ દેખાઈ રહ્યા છે. મોદી અને રાહુલની જોરદાર ટક્કર વચ્ચે કેટલીક જગ્યાએ ઓછા પ્રમાણમાં એએપીના નેતા કેજરીવાલને પણ લોકો પસંદ કરી રહ્યા છે. સર્વેમાં મોટા ભાગના લોકોએ રામ મંદિર કરતા વિકાસને મોટો મુદ્દો ગણાવ્યો છે. દેશના ઉત્તરીય વિસ્તારમાં ૧૬૨ બેઠકો છે. જેમાં યુપી અને બિહાર છે. સર્વે મુજબ નરેન્દ્ર મોદીને અહી પસંદ કરનાર લોકોની સંખ્યા ૪૮ ટકા છે. જ્યારે રાહુલને પસંદ કરનાર લોકોની સંખ્યા ૨૭ ટકા અને મુલાયમને પસંદ કરનારની સંખ્યા ૬.૨ ટકાની આસપાસ છે. માયાવતીને ૫.૨ ટકા કેજરીવાલને પસંદ કરનાર લોકો ૪.૭ ટકાની આસપાસ છે. દક્ષિણ ભારતમાં રાહુલ મજબુત છે. તેની અસર મોદી પર પણ જોવા મળે છે. દક્ષિણમાં ૧૩૨ સીટ છે. રાહુલને ૩૫.૮ ટકા અને મોદીને ૩૩.૩ ટકા લોકો અહીં વડાપ્રધાનપદ પર જોવા માટે તૈયાર છે. મધ્ય ક્ષેત્ર એટલે કે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તિસગઢમાં ૮૩ સીટ પર ભાજપ ખુબ મજબુત છે. સર્વેના જણાવ્યા મુજબ મોદીને ૪૫ ટકા લોકોનુ સમર્થન છે. જ્યારે રાહુલને ૨૯ ટકા લોકો પસંદ કરી રહ્યા છે. અહીં કેજરીવાલને પસંદ કરનાર લોકો પણ વધ્યા છે. પૂર્વીય ક્ષેત્રના તમામ રાજ્યોમાં જુદા જુદા રાજકીય સમીકરણો આવી રહ્યા છે. આ ક્ષેત્રની ૮૮ બેઠકોમાં ૨૫ સીટ નોર્થ-ઈસ્ટમાં છે. આ ક્ષેત્રમાં ડાબેરીઓ, તૃણમુલ કોંગ્રેસ, બીજેડી અને અન્ય પાર્ટીઓની તાકાત ઓછી નથી. આ સર્વે આરએસએસના મુખપત્ર ઓર્ગેનાઈઝર અને પાંચજન્યમાં પ્રકાશિત થયા છે. બિન સરકારી સંસ્થા લોકસારથી તરફથી કરવામાં આવેલા સર્વેમાં દેશભરની ૩૮૦ બેઠકો પૈકી ૧૧૪૦૦૦ લોકોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. આ સર્વે ૨૦૧૪ જાન્યુઆરીથી માર્ચ ૨૦૧૪ વચ્ચે કરવામાં આવ્યા બાદ જુદી જુદી પસંદ અંગે પ્રશ્નો કરવામાં આવ્યા હતા.

# ભાજપ માત્ર મોટી વાતો જ કરી જાણે છે : સોનિયા

**આસામના લખીમપુરમાં આકરા પ્રહાર : કેન્દ્રમાં સત્તા ઉપર હતા ત્યારે ભાજપના લોકોએ કોઈ કામ કર્યા ન હતા : અમે વચન પાળી બતાવ્યા : સોનિયા**

લખિમપુર,તા. ૩૦ કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીએ આજે ભાજપ ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, વિરોધ પક્ષો હંમેશા મોટી વાતો કરવામાં માને છે. ઘૃણાસ્પદ રાજનીતિ રમવામાં આ લોકો માને છે. વિરોધ પક્ષો માત્ર વાત જ કરી જાણે છે. આવે છે પરંતુ કેન્દ્રમાં જ્યારે ભાજપની સરકાર સત્તામાં હતી ત્યારે કોઈ પગલા લેવામાં આવ્યા ન હતા. વાત કરવામાં અને કામ કરવામાં ખુબ અંતર છે. તેમણે એમપણ કહ્યું હતું કે, જ્યારે આસામના લોકો અમારા દેશને બચાવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા ત્યારે ભાજપના નેતાઓ આગળ આવ્યા ન હતા. આ લોકો દેશને કમજોર કરવામાં લાગેલા હતા. તેમણે પુનરોચ્ચાર કર્યો હતો કે, કોંગ્રેસ પાર્ટીનું સ્લોગન હર હાથ શક્તિ હર હાથ તરક્કીનો રહ્યો છે. તેમણે લોકોને યાદ અપાવી હતી કે, કોંગ્રેસે તેના વચનો પાળ્યા છે. અમે ખોટા વચનો આપતા નથી. અમે અમારા વચનો પાળી બતાવ્યા છે અને ભવિષ્યમાં પણ અમારા વચન પાળીશું. આના માટે આપના ટેકાની જરૂર છે. કોંગ્રેસે ઐતિહાસિક સિદ્ધિઓ મેળવીને આરટીઆઈ, મનરેગા અને ફુડ સિક્યુરિટી જેવા કાયદા દેશને આપ્યા છે. આ ઉપરાંત આદિવાસીઓના રક્ષણ માટે અમે ખાસ કાયદો આપી ચુક્યા છે. ચૂંટણી રેલીને સોનિયા ગાંધી સંબોધવા માટે પહોંચ્યા ત્યારે લોકો અને કાર્યકરોમાં ઉત્સાહ દેખાઈ રહ્યો હતો. ઉત્તરપૂર્વના લોકો વાસ્તવિક રાષ્ટ્રવાદને જાણે છે. રાષ્ટ્રવાદના બોગસ ગીત ગાઈ રહેલા લોકોને બોધપાઠ ભણાવવાનો સમય આવી ગયો છે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, કોંગ્રેસે વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. સમાજના તમામ વર્ગોના લોકો માટે કામ કર્યું છે.



આસામના લખીમપુરમાં એક ચૂંટણી રેલીને સંબોધતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, વિરોધ પક્ષો અને ખાસ કરીને ભાજપ દ્વારા મોટી મોટી વાત કરવામાં

# અખિલેશ યાદવ ઉપર ચંપલ ફેંકાતા ચકચાર

ગાઝિયાબાદ,તા.૩૦ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ તરફ આજે એક ૨૫ વર્ષીય યુવાને સ્લીપર ફેંકતા તેની ધરપકડ કરી લેવામાં આવી હતી. ગાઝિયાબાદમાં



કવિનગર વિસ્તારમાં રામલીલા મેદાન પર અખિલેશ યાદવ વિશાળ રેલીને સંબોધી રહ્યા હતા ત્યારે આ યુવાને અખિલેશ યાદવ તરફ સ્લીપર ફેંકતા સનસનાટી મચી ગઈ હતી. આ બનાવ આજે બપોરે બન્યો હતો. અખિલેશે રેલીમાં લોકોને સંબોધવાની શરૂઆત કરી ત્યારે જ આ બનાવ બન્યો હતો. આ યુવાનની ત્યારબાદ અટકાયત કરી લેવામાં આવી હતી. તેમની જમીનને ગેરકાયદેરીતે કબજે કરી લેવાના વિરોધમાં આ યુવાને વિરોધ નોંધાવ્યો હતો. જો કે સ્લીપર મિડિયા ગેલેરીમાં પડ્યા બાદ આને લઈને કોઈને અસર થઈ ન હતી. પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે ગોઠવી દેવામાં આવ્યા હતા. યુવાન ઉપર તરત જ કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો અને તેને પોલીસ સ્ટેશન લઈ જવાયો હતો.

## યુવાનની ધરપકડ કરાઈ

# ચૂંટણીમાં બે લાખથી વધારે અર્ધલશ્કરી જવાન સેવામાં

**હજારો વાહનો અને ડઝન હેલિકોપ્ટર પણ રહેશે : સાતમી એપ્રિલથી શરૂ થઈ રહેલી લોકસભાની ચૂંટણીને શાંતિપૂર્ણ અને નિષ્પક્ષરીતે પાર પાડવા ચૂંટણી પંચ તૈયાર**

નવી દિલ્હી,તા. ૩૦ લોકસભાની ચૂંટણીને શાંતિપૂર્ણરીતે અને નિષ્પક્ષરીતે પાર પાડવા માટે ચૂંટણી પંચે કમર કસી લીધી છે. સાતમી એપ્રિલથી લોકસભાની ચૂંટણી માટેની શરૂઆત થઈ રહી છે. જુદા જુદા તબક્કામાં યોજાનાર મતદાનને ધ્યાનમાં લઈને કુલ બે લાખથી વધારે અર્ધલશ્કરી દળના જવાન, હજારો વાહનો અને ડઝન જેટલા હેલિકોપ્ટર ગોઠવવામાં આવનાર છે. ચૂંટણી પંચે કુલ ૫૪૩ મતવિસ્તારમાં તૈનાતી માટે યોજના તૈયાર કરી લેવામાં આવી છે. કુલ ૮૧.૪ કરોડ મતદારો તેમના મતાઅધિકારનો ઉપયોદ કરવા માટે તૈયાર છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલયમાં સંયુક્ત સચિવ એમએ ગણપતિએ કહ્યું છે કે આ એક અભૂતપૂર્વ કવાયત રહેશે. અમે શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા માટે તૈયાર છીએ. નક્સલવાદીગ્રસ્ત રાજ્યો, જમ્મવ કાશ્મીર અને ઉત્તરપૂર્વ માટે ખાસ યોજના તૈયાર કરવામાં આવી છે.

તેમણે કહ્યું છે કે વાહનો સાથે બે લાખ અર્ધલશ્કરી દળના જવાનો ગોઠવાશે. સીઆરપીએફ, બીએસએફ, આઈટીબીપી, એસએસબી અને આસામ રાઈફલના જવાનો તૈનાત કરવામાં આવનાર છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય ચૂંટણી દરમિયાન તૈનાતી માટે અર્ધલશ્કરી દળોને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે કુલ ૧૦૦ ટ્રેનોનો ઉપયોગ કરવામાં આવશે. આ વિશાળ કવાયતના ભાગરૂપે ટ્રેનોનો ઉપયોગ જવાનોને વહેલી તકે એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે કરવામાં આવશે. ચૂંટણી કાર્યક્રમ અને સુરક્ષા પાસાઓને ધ્યાનમાં લઈને જવાનોને એક જગ્યાથી બીજી જગ્યાએ લઈ જવામાં આવશે. રેલવેને દરેક કંપની (૧૦૦ જવાનો) માટે બે સ્લીપર કોચ આપવાની વિનંતિ કરવામાં આવી છે. સુરક્ષા દળોને એક જગ્યાથી બીજી જગ્યાએ લઈ જવા માટે્ન્ય હજારો ખાનગી વાહનોનો ઉપયોગ કરવામાં આવસે. લોકસભાની ચૂંટણીના દરેક તબક્કામાં આશરે એક ડઝન હેલિકોપ્ટર પણ ગોઠવવામાં આવે તેવી શક્યતા છે.

# મહારાષ્ટ્ર : દુકાનમાં ભીષણ આગ લાગતા સાત ભડથુ

**દુકાન-નિવાસમાં શોર્ટ સર્કિટના લીધે આગ : મૃત્યુ પામેલા તમામ લોકોની ઓળખ થઈ : ઉંઘમાં મોત**

અમરાવતી,તા. ૩૦ મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં આજે વહેલી પરોઢે પરાતવાળા ગામમાં એક દુકાનમાં ભીષણ આગ ફાટી નિકળતા એક જ પરિવારના સાત લોકો બળીને ભડથું થઈ ગયા હતા. દુકાન અને આવાસમાં આગ ફાટી નિકળ્યા બાદ કોઈપણ વ્યક્તિને બચાવી લેવામાં સફળતા હાથ લાગી ન હતી. તમામ લોકો ઉંઘી રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, ગોઠવાલ પરિવારના આવાસ અને દુકાનમાં વહેલી પરોઢે ૨.૩૦ વાગે આ આગ ફાટી નિકળી હતી. ઘરની અંદજ સાડીની દુકાન બનાવવામાં આવી હતી. પરાતવાડા પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, આગને કાબૂમાં લેવા માટે તરત જ ફાયરબ્રિગેડની ટુકડી પહોંચી ગઈ હતી. શોર્ટસર્કિટના કારણે આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. આના કારણે સાડી અને ડ્રેસ મટિરિયલ્સની ચીજવસ્તુઓ નાશ પામી હતી. પોલીસે કહ્યું છે કે, દુકાનની અંદર ફસાઈ ગયેલા લોકો બચી શક્યા ન હતા. ગામવાળાઓએ આગને કાબૂમાં લેવા પોલીસની મદદ કરી હતી પરંતુ સાત લોકોના મોત થઈ ગયા હતા.



ગોઠવાલ પરિવારના સાત સભ્યોના મોત થયા હતા જેમાં રવિ આર. ગોઠવાલ (૩૦), નિકિતા આર. ગોઠવાલ (૨૫), પૂનમ એ. ગોઠવાલ (૩૦), શીતલ એ. ગોઠવાલ (૨૮), વેદ એ. ગોઠવાલ (૪), વેડિકા એ. ગોઠવાલ (૩) અને વિમલ આર. ગોઠવાલ (૫૫)નો સમાવેશ થાય છે. ગામમાં તિલકચોક વિસ્તારમાં આ દુકાન આવેલી છે. પૂર્વીય મહારાષ્ટ્રમાં અમરાવતીથી ૫૫ કિલોમીટરના અંતરે સ્થિત ગામમાં આ બનાવ બન્યો હતો.

# ઓપિનિયન પોલ પર અંકુશ મુકવા ચૂંટણી પંચનો ઈન્કાર

**આ સંદર્ભમાં કાયદો બનાવવાની જરૂર : એક્ઝીટ પોલ માટેની પ્રક્રિયાની જેમ ઓપિનિયન પોલની દિશામાં આગળ વધવાની જરૂર : ચૂંટણી પંચનો અભિપ્રાય**

નવી દિલ્હી,તા. ૩૦ ઓપિનિયન પોલ અને સર્વે ઉપર પ્રતિબંધ મુકવાની માંગ લાંબા સમયથી રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવે છે પરંતુ ચૂંટણી પંચે ઓપિનિયન પોલ ઉપર પ્રતિબંધ મુકવાનો ઈન્કાર કરી દીધો છે. ચૂંટણી પંચે ઈચ્છા વ્યક્ત કરી છે કે, કેન્દ્ર સરકારે આ દિશામાં કાયદો બનાવવા પહેલ કરવી જોઈએ. કાયદા મંત્રાલયને કહેવામાં આવ્યું છે કે, તે બંધારણ હેઠળ તેની સત્તાનો ઉપયોગ કરીને આ પ્રકારના પગલા લઈ શકશે નહીં. ચૂંટણી પંચની ઈચ્છા છે કે, આ મુદ્દાઓ ઉપર કાયદા સાથે સરકાર બહાર આવે તે જરૂરી છે. કલમ ૩૨૪ હેઠળ તેની સત્તાનો ઉપયોગ કરીને ચૂંટણી પંચ ઓપિનિયન પોલ ઉપર અંકુશ મુકી શકે છે તેવા ચૂંટણી પેનલના સૂચન બાદ આ પ્રતિક્રિયા આપવામાં આવી છે. ચૂંટણી પંચ માને છે કે, કલમ ૩૨૪ હેઠળ ઓપિનિયન પોલ ઉપર પ્રતિબંધ મુકવાની બાબત કાયદાકીય રીતે હાલ યોગ્ય નથી. પંચે કાયદા મંત્રાલયને કહ્યું છે કે, એક્ઝીટ પોલ પર પણ કાયદા દ્વારા નિયંત્રણ મુકવામાં આવ્યા છે જેથી ઓપિનિયન પોલ ઉપર આવી જ પદ્ધતિ અપનાવીને આગળ વધવાની જરૂર છે. પોલ પેનલે સૂચન કર્યું હતું કે, ઓપિનિયન પોલના પ્રસારણ, પ્રકાશન અને પરિણામ પ્રતિબંધ મુકવામાં આવે તે જરૂરી છે. ચૂંટણીના જાહેરનામાની તારીખથી લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણી પુરી ન થાય ત્યાં સુધી ઓપિનિયન પોલના પ્રસારણ ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર છે. પ્રવર્તમાન કાયદામાં મતદાનના ૪૮ કલાક પહેલા ઓપિનિયન પોલ ઉપર પ્રતિબંધ મુકવા ચૂંટણી પંચને મંજુરી આપવામાં આવેલી છે. આ વર્ષની શરૂઆતમાં એટર્ની જનરલે ચૂંટણી કાર્યક્રમ અને મતદાનના અંતિમ તબક્કાની જાહેરાત વચ્ચે ઓપિનિયન પોલના પ્રસારણ અને પ્રકાશન ઉપર પ્રતિબંધ મુકવા ચૂંટણી પંચની દરખાસ્તને ટેકો આપ્યો હતો.

## સમયનાં પ્રતિબિંબ (પાના નં.૪નું ચાલું...)

સરકારોને ઉથલાવવાના, રાષ્ટ્રપતિ શાસન લાદવાના વગેરે પ્રયત્નો ભરપૂર માત્રામાં થયા છે અને આપણા રાજનેતાઓ તેમાંથી ઘણું શીખ્યા પણ છે. સમય પણ બદલાયો છે.

આજે ચર્ચા એવી છે કે કોંગ્રેસ પક્ષ પોતાનો શાસનપટ્ટ રીન્યુ કરાવવાને લાયક રહ્યો નથી. બૌદ્ધિકો, વિરોધ પક્ષો અને મીડિયા આ બાબતે લગભગ એક મત છે, તેથી કોંગ્રેસ માટે વળતા પાણી હોવાની આગાહીઓ થાય છે. જાત જાતના સ્કેમોને કારણે ભાજપ 'કોંગ્રેસ મુક્ત ભારતનું' સૂત્ર વહેતું કરી શકે છે. કોઈ યોગ્ય નથી એ પ્રશ્નની અડધી બાજુ છે. પહેલાની અયોગ્યતા એટલે બીજાની યોગ્યતા આપોઆપ સિદ્ધ થઈ જતી નથી. અંતે તો પોતે યોગ્ય પુરવાર થવું પડતું હોય છે, પોતાની યોગ્યતા રજૂ કરીને. આ રીતે પ્રશ્નને તપાસીએ તો ભાજપની યોગ્યતા વિશે વ્યાપક વિચાર કરવો પડે. મહત્ત્વની વાત એ પણ છે કે બાજપેઈ તો ક્ષેત્રમાં જ નથી પરંતુ અડવાણીને પણ કોરાણે મુકવામાં આવ્યા છે. અયોગ્યતાને કારણે કોંગ્રેસની ખાલી પડનારી જગ્યાએ ઘણા બધા દાવેદારો કૂદકા મારી રહ્યા છે. જે કોઈ આ પદ પર પહોંચવાનો દાવો કરે છે તેમની પસંદગી 'લેસર ઈવીલ'ના ધોરણે કરવાને બદલે કોણ બેટર છે એવી વિચારણાથી શરૂ થઈ જોઈએ. આ દૃષ્ટિએ જોઈએ તો આપણી લોકશાહી પાસે કયાં તો વિકલ્પો નથી, કયાં તો અતિ મર્યાદિત વિકલ્પો છે.

દાવાઓ કરવાનો પ્રત્યેક પક્ષને અધિકાર છે. તો દાવાનુ કડક મૂલ્યાંકન અને પરીક્ષણ કરવાની પ્રત્યેક નાગરિક - મતદાતાની ફરજ પણ છે અને અધિકાર પણ. પરીક્ષાની પદ્ધતિ દેશના નાગરિકોએ સહેલી કરી મૂકવાની કોઈ જરૂરિયાત નથી. અસ્તુ.

# મહેસુલી ખાદ્યને કૃત્રિમરીતે કાબૂમાં લેવાના પ્રયાસ થયા

**યશવંતસિંહાના ચિદમ્બરમ ઉપર આકરા પ્રહાર : જીડીપી ગ્રોથરેટ ચિંતાજનક છે**

નવીદિલ્હી,તા. ૩૦ ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી એક બાજુ ભ્રષ્ટાચાર, મોંઘવારી અને અન્ય મુદ્દાઓને લઈને યુપીએ સરકાર ઉપર આકરા પ્રહાર કરી રહ્યા છે ત્યારે ભાજપે હવે આર્થિક મુદ્દાઓને લઈને પણ યુપીએ સામે મોરચા ખોલી દીધા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ નાણાંપ્રધાન યશવંતસિંહાએ આજે નાણાંપ્રધાન પી. ચિદમ્બરમ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, મુંબઈ સ્ટોક એક્સચેંજના સેન્સેટીવ ઈન્ડેક્સમાં ઉછાળો નોંધાયો હતો. જ્યારે ચિદમ્બરમે લોકસભા ચૂંટણી ૨૦૧૪માં મેદાનમાં નહીં ઉતારવાનો નિર્ણય કર્યો હતો. ભાજપ હેડક્વાર્ટર ખાતે પત્રકારો સાથે વાતચીત કરતા યશવંતસિંહાએ કહ્યું હતું કે, ચિદમ્બરમે કૃત્રિમરીતે મહેસુલી ખાદ્યને નીચે લાવવાના પ્રયાસો કર્યા છે જેના પરિણામ સ્વરુપે યુપીએ દ્વારા આગામી સરકાર ઉપર સબસિડીનો જંગી બોજ છોડવામાં આવશે. તેમણે ઉમેર્યુ હતું કે, નાણાંપ્રધાનને ઈતિહાસમાં સ્પોઈલર તરીકે ગણવામાં આવશે અથવા તો તેમને એક ગેમ બગાડનાર તરીકે ગણવામાં આવશે. યુપીએ ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ સરકારને ગરીબોની કોઈ ચિંતા નથી. સમાજના દરેક વર્ગના લોકો પરેશાન થયેલા છે. યુપીએને બીપીએલ પરિવારોની કોઈ ચિંતા નથી. વર્ષ ૨૦૦૨માં એનડીએ દ્વારા કરવામાં આવેલા છેલ્લા સર્વે બાદથી કોઈ સર્વે પણ કરવામાં આવ્યા નથી.

# સમાચાર ઝલક

- ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ સાથે ગુડી પડવો અને બીજા તહેવારોનો પ્રારંભ
- વીજદરો ચૂંટણી પ્રક્રિયા પછી લાગુ કરવા માટે ચૂંટણીપંચની હિમાયત.
- અમેરિકાના કેલિફોર્નિયામાં તીવ્ર ભૂકંપના આંચકા, ચીનમાં પણ ભૂકંપ.
- માર્ચ અંતિમ સરકારી ભરણાના ચેકો તાત્કાલિક ક્લિયરીંગ કરાશે.
- રશિયાના વડાપ્રધાન પુતિને અમેરિકા પ્રમુખ બરાક ઓબામા સાથે યુક્રેન બાબતે ચર્ચા કરી.
- ભાજપ-કોંગ્રેસ સામે વિદેશી ફંડની વિગતો રજૂ કરવા સુપ્રીમનો આદેશ.
- અમદાવાદમાં વિમાની મથકે સોનાની તસ્કરી વધી, છેલ્લા મહિલાઓમાં મોટા પાયે સોનું ઝડપાયું.
- વિક્રમી મતદાન કરાવવા ચૂંટણીપંચનો બહુ પાંખિયો વ્યુહ, તંત્રમાં દોડધામ.
- ગતરાત્રીએ વિશ્વમાં 'અર્થ અવર' મનાવી વીજળી બચાવાનો કાર્યક્રમ સંપન્ન થયો.
- અમરાવતીમાં મકાનમાં આગ લાગતાં ૭નાં મોત.
- બર્મામાં લઘુમતીઓને ભારે મુશ્કેલી, અનાજ મેળવવામાં પરેશાની.
- કેપ્ટન ધોની ઝારખંડમાં ૨૦૧૩-૧૪માં સૌથી વધુ રૂા.૨૦ કરોડ ટેક્સ ચુકવનારો વ્યક્તિ બન્યો.
- પાકિસ્તાનના હૈદરાબાદમાં હનુમાન મંદિર પર હુમલો, હિન્દુઓની સ્થિતિ કફોડી, હિન્દુઓમાં ભારે રોષ.
- અરબી સમુદ્રમાં ૧૫ માછીમારોનું પાકિસ્તાને અપહરણ કર્યું.
- આંધ્રપ્રદેશમાં સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટમી યોજાઇ.
- બોડેલી પાસે નર્મદા કેનાલ પાસે ગોઝારો અકસ્માત, પાંચ વ્યક્તિઓનાં મોત.
- ઉંઝામાં સફાઇ કામદાર ગટરમાં ઉતરતાં ગેસ ગળતરથી મોત.
- ઉત્તરપ્રદેશમાં બે ખેડૂતોએ આત્મહત્યા કરી.